**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : આશુતોષ અંતાણી**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 16-05-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## ચૂંટણીપંચ : 5-6 તબક્કાની પૂર્વ તૈયારી

ચૂંટણી પંચે લોકસભાના પાંચમા અને છઠ્ઠા તબક્કાની તૈયારીઓની સમીક્ષા કરી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સિંધુ સાથે મળીને પાંચમા તબક્કાની 49 બેઠકો, જ્યારે છઠ્ઠા તબક્કાની 57 બેઠકો પર ફરજ પર મૂકાયેલા ચૂંટણી કર્મીઓ સાથે વીડિયો કૉન્ફરન્સ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પાંચમા તબક્કા માટે 20 અને છઠ્ઠા તબક્કા માટે 25 મેના મતદાન થશે.

**RNU અમદાવાદ**

---

## કેન્દ્રીય ગૃહમંત્રાલય : નાગરિકતા પ્રમાણપત્રો

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા નાગરિકતા સંશોધન નિયમ, 2024 અંતર્ગતના પ્રથમ જાહેરનામા બાદ ગઇકાલે નાગરિકતા પ્રમાણપત્રોનો પ્રથમ સેટ જાહેર કરાયો હતો. કેન્દ્રીય ગૃહ સચિવ અજય કુમાર ભલ્લાએ નવી દિલ્હીમાં 14 અરજદારોને નાગરિકતા પ્રમાણપત્ર સોંપ્યા હતા. ગૃહમંત્રાલય અનુસાર કેટલાંક  ઉમેદવારોને ઇમેલ દ્વારા ડિજીટલ પ્રમાણપત્રો જાહેર કરાયા છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## કચ્છ : કમોસમી વરસાદ

રાજ્યમાં ગઇકાલે પણ કમોસમી વરસાદના ઝાપટાં પડ્યા હતા. જેમાં કચ્છમાં ગઇકાલે સતત ત્રીજા દિવસે વરસાદ વરસ્યો હતો. કચ્છના અબડાસા, નખત્રાણા અને ભચાઉ તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. વિજળીના કડકા અને ભડાકા સાથે તોફાની વરસાદ વરસ્યો હતો, જ્યારે નખત્રાણા-ભુજ હાઇવે પર નખત્રાણા બસ સ્ટેશન પાસે વોકળામાં પાણી ભરાઇ ગયા હતા જેને કારણે માર્ગની બંને તરફ વાહનો અટવાયા હતા. નખત્રાણામાં સવા ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હોવાનું જાણવા મળે છે તો જિલ્લા મથક ભુજમાં ગઇકાલે બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ભારે પવન સાથે વરસાદ થતા માર્ગો પર પાણી વહી નીકળ્યા હતા.

**RNU અમદાવાદ/N.P આશુતોષ અંતાણી/ માહિતી ખાતુ**

------------------------------------------------------------------------

## કચ્છ : ખેતીવાડી અધિકારી : ખેડૂતોને અનુરોધ

દરમીયાન હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહીના પગલે ખેડૂતોને તેમના પાકને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા, પાકને પ્લાસ્ટિક કે તાડપત્રી યોગ્ય રીતે ઢાંકવા, પાકના ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી નીચે જતા અટકાવવા તથા જંતુનાશક દવા કે ખાતરનો ઉપયોગ ટાળવા જિલ્લા ખેતીવાડી અધિકારી કચ્છ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

માહિતી ખાતુ

------------------------------------------------------------------------

## કચ્છ : હવામાન

દરમિયાન કચ્છમાં આજે અને આવતીકાલે ગરમીનું મોજું ફરી વળવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. કચ્છના રણકાંધીના

ગામોમાં પણ અંગ દઝાડતી ગરમીની સાથે લૂ ફૂંકાતાં જનજીવન ભારે પ્રભાવિત થયું છે.

**N.P. આશુતોષ અંતાણી**

------------------------------------------------------------------------

## રાજ્ય : RTE : બીજો રાઉન્ડ

રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ બીજા રાઉન્ડમાં વધુ ૩૬૩૦- બાળકોને પ્રવેશ અપાયા છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રથમ રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેલી ૮ હજાર ૫૬૩ જગ્યાઓ પર વધુને વધુ નબળા અને વંચિત જૂથના બાળકોને પુનઃ પસંદગીની તક આપવામાં આવી હતી આ સમયગાળામાં એકંદરે કુલ: ૭૫ હજાર ૮૫૩ અરજદારોએ શાળાઓની પુનઃ પસંદગી કરેલી હતી. ત્યારબાદ પ્રવેશ પ્રક્રિયાનો બીજો રાઉન્ડ જાહેર કરાયો હતો. જેમાં વધુ ૩ હજાર ૬૩૦ જેટલા બાળકોને પ્રવેશ ફાળવવામાં આવેલો છે. બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓએ ૨૦મી મે 2024 નેસોમવાર સુધીમાં જે તે શાળામાં શાળા સમય દરમિયાન રૂબરૂ જઈ જરૂરી આધાર- પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવી લેવાની સૂચના આપવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય : અંબી માર્બલ

અંબાજીના સફેદ મારબલને ‘ઓફિસ ઓફ ધ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ્સ, ડિઝાઇન્સ એન્ડ ટ્રેડમાર્ક્સ’ દ્વારા GI સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. આ સફેદ માર્બલ સૌથી જુનો માર્બલ છે. આ સફેદ માર્બલની ખાસ વિશેષતા એ છે કે તે ભારતના અન્ય રાજ્યોમાં મળતા માર્બલ કરતા વધારે સખત છે. મૂર્તિ શિલ્પ અને વાસ્તુ શિલ્પ માટે આ માર્બલ શ્રેષ્ઠ છે.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય : ભૂતપૂર્વ રાજ્યપાલનું નિધન

ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ ડૉ કમલા બેનિવાલનું ગઇકાલે નિધન થયું છે. તેઓ 97 વર્ષના હતા. ડૉ. બેનિવાલે 27 નવેમ્બર 2009 થી છઠ્ઠી જુલાઇ 2014 દરમ્યાન ગુજરાતના રાજ્યપાલ તરીકે સેવા આપી હતી.  ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના નિધન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી હતી.

**RNU અમદાવાદ**

---

## ક્રિકેટ : IPL

આઇપીએલ-2024-ટી-20 ક્રિકેટ સ્પર્ધામાં ગઇકાલે ગોહાટી ખાતે રમાયેલી મેચમાં કિંગ્સ ઇલેવન-પંજાબની ટીમે રાજસ્થાન રોયલ્સને પાંચ વિકેટથી પરાજીત કરી મહત્ત્વ પૂર્ણ વિજય મેળવ્યો હતો. રાજસ્થાને આપેલા 145 રનના લક્ષ્યાંકને પંજાબની ટીમે 18.5 ઓવરમાં પાર કર્યું હતું. આજે હૈદરાબાદ ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝ ઇલેવન હૈદરાબાદ વચ્ચે મેચ રમાશે.

**N.P. આશુતોષ અંતાણી**

---